PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૬/ક્વા–૦૨/૧૬–૧૭/ ૧૦૧૪૦ તા. ૧૧.૧૧.૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
નકુમ ઉકાભાઈ અરજણભાઈ,
ગામઃ ગોકુલપુર,
તા. ખંભાળીયા,
જીઃ દેવભુમી દ્રારકા
મોઃ ૯૮૨૫૪ ૯૩૮૮૩

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભઃ– આપની અરજી , તા. ૨૧–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૦૬/ક્વા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 01 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૦૬/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૦૯–૧૧–૧૬ સ્થળ :–જામનગર

## પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: નકુમ ઉકાભાઈ અરજણભાઈ,ગામ: રાજકોટ,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

## પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :કે.એ.કરમુર, ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત/ તેમજ તેઓની જમીન પર ની હૈયાત વીજલાઈન ના સમારકામ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ: ગોકલપુર ખાતે ના, નવા ખેતીવાડી વીજજોડાણ માટે, તેઓએ તા.૧૮–૦૭–૧૬ થી ટેસ્ટ રીપોર્ટ કચેરી મા રજુ કરી આપેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી તેમના હૈયાત જોડાણ ના ગુણવતાયુકત વીજપુરવઠા બાબતે કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી સ્પષ્ટતા કરતા, ફોરમ કમિટી ને જણાવવામા આવેલ છે કે, અરજદાર શ્રી ના ગામ: ગોકલપુર ખાતે ના, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૩૬/૦૦૧૫૪/૦, જે અગાઉ ૦૫ હોપા ના કરારીત વીજભાર વાળુ હતુ. તેમા વધારાના ૦૫ હોપા ના વીજભાર મંજુરી અન્વયે તા.૦૭–૦૭–૧૬ થી ભાવપત્રક ભરપાઈ કરી અને તા.૧૮–૦૭–૧૬ થી ટેસ્ટ રીપોર્ટ કચેરી મા રજુ કરી આપેલ હોવા છતા, આમ, તેમનુ જોડાણ કુલ ૧૦ હોપા ના કરારીત વીજભાર વાળુ થયેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, તેમના કરારીત ૧૦ હોપા ના વીજભાર મા, ગુણવતાયુકત વીજપુરવઠો મળતો ન હોવાની અરજદાર શ્રી ની મુખ્ય ફરીયાદ હતી. જેના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર ના સદર ૧૦ હોપાના વીજભાર વાળા જોડાણ વાળા સ્થળ પર ની હૈયાત વીજલાઈન નુ, તાંત્રીક રીતે યોગ્ય એવુ સમારકામ, જે તા.૦૪–૧૦–૧૬ ના રોજ અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ કરી અને, અરજદાર શ્રી ના તા.૦૪–૧૦–૧૬ ના રોજ ના લેખીત સંમંતીપત્ર હેઠળ, અરજદાર ની સવાલવાળી ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતેની માંગણી ના અનુસંધાને, અરજદાર શ્રી ના સવાલવાળા જોડાણ મા રહેલ ગુણવતાયુકત વીજપુરવઠા બાબતે ની ફરીયાદ ની, અરજદાર શ્રી ની ખરેખર રજુઆત ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી મુદદા નં.૨.૧ મુજબ ની વિગતેની કાર્યવાહી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, તેમના તા.૦૪–૧૦–૧૬ ના લેખીત સંમંતીપત્ર હેઠળ પૂર્ણ કરાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

મુદદા નં.–૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..